ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
**GUJARAT UNIVERSITY**
www.gujaratuniversity.org.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

---

નં.એસસીટી/૧૦૧/૨૦૧૬ તા.૮/૮/૨૦૧૬

પ્રતિ,

૧. ગુજરાત યુમિવર્સિટી વિદ્યાભવનોનાં અધ્યક્ષશ્રીઓ......

૨. ગુજરાત યુમિવર્સિટી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ.....

બાબતઃ- સ્કોલરશિપ અંગેનાં સેમિનારમાં ભાગ લેવા બાબત.

શ્રીમાન/શ્રીમતિ,

ઉપરોક્ત બાબત સંદર્ભે આપશ્રીને જાણ કરવાનીકે આપની સંસ્થાનાં ક્લાર્ક કે જેમને સ્કોલરશિપ અંગે કાર્યવાહી કરવાની હોય છે, તે સંબંધિત કાર્યવાહી અર્થે ગુજરાત વિદ્યાપીઠનાં હીરક મહોત્સવ હોલમાં તા.11/08/2016ને ગુરૂવારનાં રોજ બપોરે 1:30 થી 4:30 "નેશનલ સ્કોલરશિપ પોર્ટલ" વિષય પર સેમિનાર યોજવામાં આવેલ છે.

ભારત સરકારનાં આદેશાનુસાર સ્કોલરશિપની કામગીરી સંદર્ભે સંસ્થાનાં ક્લાર્કશ્રી શિક્ષિત બને અને સરકારશ્રીનીં યોજનાને વેગવંતી બનાવે તે આશયથી ઉપરોક્ત બાબત સંદર્ભે આપની સંસ્થાનાં ક્લાર્કશ્રી સેમિનારમાં ભાગ લે તે ઇચ્છનીય બાબત છે.

નોંધઃ સરકારશ્રીની સેમિનાર અંગેની જાહેરાત આ સાથે સામેલ છે.

આભાર

આપનો વિશ્વાસુ,

(ડૉ. મનોજ સી શાસ્ત્રી)
કા. નાયબ કુલસચિવશ્રી,
એસસીટી સેલ, ગુજરાત યુનિવર્સિટી

# જાહેર નિવિદા

## શિષ્યવૃત્તિ માટે અમદાવાદ જિલ્લાના અનુ. જનજાતિના વિદ્યાર્થિઓ અને શાળા/કોલેજ જોગ

મદદનીશ કમિશ્નર(આદિજાતિ વિકાસ) અમદાવાદ તરફથી આથી જાહેર નિવિદા આપવામાં આવે છે કે, ભારત સરકાર દ્વારા ધોરણ-૯,૧૦,૧૧,૧૨ તથા કોલેજ સુધીના વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિ ચાલુ વર્ષ ૨૦૧૬-૧૭માં વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સીધેસીધી જમા કરાવવામાં આવનાર છે. જે માટે વિદ્યાર્થીઓના આધારકાર્ડ, બેંક એકાઉન્ટ નંબર હોવા ફરજીયાત છે તથા આધાર કાર્ડનું બેંક એકાઉન્ટ સાથે સીડીંગ કરાવેલ હોવું જરૂરી છે અને ઇ-પોર્ટલ www.scholarships.gov.in પર વિદ્યાર્થી અને શાળા-કોલેજનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. જેથી ચાલુ વર્ષ ૨૦૧૬-૧૭ની શિષ્યવૃત્તિ મેળવવા માટે ધોરણ-૯,૧૦,૧૧,૧૨ તથા કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓએ તા:૨૦-૦૮-૨૦૧૬ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી દેવાનું રહેશે. તેમજ રજીસ્ટ્રેશન બાબતે મુંઝવણ રહેતો હેલ્પ ડેસ્ક નં:૦૧૨૦૬૬૧૯૫૪૦ અથવા વેબસાઇટ www.scholarships.gov.in માં FAQ પર સંપર્ક કરવાનો રહેશે અન્યથા વિદ્યાર્થીઓ શિષ્યવૃતિના લાભથી વંચિત રહી જશે તો તેની જવાબદારી શાળા/કોલેજ તથા વિદ્યાર્થીની રહેશે.

જે વિદ્યાર્થીઓના આધારકાર્ડ બાકી હોય તેમણે પોતાના તાલુકાના મામલતદાર કચેરીનો સંપર્ક સાધી આધારકાર્ડ કઢાવી લેવાનું રહેશે. જે વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ ન હોય તેમણે પણ તાત્કાલિક બેંક એકાઉન્ટ ખોલાવી દેવાના રહેશે તથા તમામ વિદ્યાર્થીઓના પોતાના આધારકાર્ડનું બેંક એકાઉન્ટ સાથે સીડીંગ કરાવવાનું રહેશે.

ચાલુ વર્ષની શિષ્યવૃત્તિની દરખાસ્ત દર વર્ષની જેમ ફાઇલ/સ્ટેટમેન્ટ/ફોર્મ/સીડી/માન્યતાના પત્રો સહિત મોડામાં મોડી તા:૨૫-૦૮-૨૦૧૬ સુધીમાં નિયત કરેલ ડીબીટી પત્રકો સહિત રજુ કરવાના રહેશે.

અમદાવાદ જિલ્લાના રાજ્ય બહાર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પણ શિષ્યવૃત્તિ માટે ઉપરોક્ત કાર્યવાહી કરવાની રહેશે.

મોડી આવેલ દરખાસ્તો કે આધારકાર્ડ બેંક સાથે સીડીંગ થયેલ ન હોય તેવી દરખાસ્તો ધ્યાને લેવાસે નહી. જેથી ઉપરોક્ત સૂચના મુજબ કાર્યવાહી પૂર્ણ કરવા નોંધ લેવા વિનંતી.

ઉપક્ર્ત બાબતોને ધ્યાનમાં લઇ અત્રેની કચેરી દ્વારા નેશનલ સ્કોલરશિપ પોર્ટલ સંદર્ભે એક તાલિમી સેમીનાર તા:૧૧-૦૮-૨૦૧૬ના રોજ હિરક મહોત્સવ હોલ, ગૂજરાત વિદ્યાપીઠ ખાતે રાખવામાં આવેલ છે. જેમાં તમામ શાળા કોલેજોના આચાર્યશ્રીઓ અને સ્કોલરશીપનું કામ કરતા કર્મચારીઓ નીચેના સમયે હાજર રહેવું.

**સેમીનારનો સમય: સ્કુલો માટે ૧૦:૩૦ થી ૧૨:૩૦**

**કોલેજો માટે ૦૧:૩૦ થી ૦૪:૩૦**

| દરખાસ્ત મોકલવાનું સરનામું | વધુ માહિતી માટે સંપર્ક કચેરીનું સરનામું |
|---|---|
| હાઉસ માસ્ટર,<br>સરકારી કુમાર છાત્રાલય,<br>નવજ્યોત સ્કુલના કમ્પાઉન્ડમાં, વ્યાસવાડી, નવા વાડજ, અમદાવાદ | મદદનીશ કમિશ્નરશ્રી(આદિજાતિ વિકાસ)ની કચેરી,<br>બ્લોક-એ, છઠ્ઠો માળ, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ<br>ફોન/ફેક્સ નં-૦૭૯-૨૫૫૧૦૧૨૬ |

**મદદનીશ કમિશ્નર**

**આદિજાતિ વિકાસ**

**અમદાવાદ**